RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૬૭૦ તા.૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૯–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) કિરણ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.એ.પી.માર્કેટ પાછળ, ઉધના સ્થિતની આ સંસ્થાને આપ દ્રારા ૧૧/૨" વ્યાસનું પાણીનું કનેકશન તા. ૨૫–૧૧–૨૦૦૩ થી આપવામાં આવેલ છે, અને ડ્રેનેજ (ગટર) નું કનેકશન તા. ૨૬–૧૦–૧૧થી આપવામાં આવેલ છે, તો તા. ૨૫–૧૧–૨૦૦૩થી તા. ૨૫–૧૦–૧૧સુધી એટલે કે સતત આઠ વર્ષ દરમ્યાન આ સંસ્થાએ સુ.મ.ન.પા.ના કનેકશન દ્રારા મેળવેલ તથા ગંદું અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત આ પાણી જે ડ્રેનેજ(ગટર)માં છોડવામાં આવેલ હોઈ નિકાલ કરવામાં આવેલ હોય તે ડ્રેનેજની અને આ ગંદું અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત પાણી છોડવા સારુંની જે પરવાનગી આ સંચાલક દ્રારા માંગેલ હોય અને આપ દ્રારા આપવામાં આવેલ હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૦/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૯–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) કિરણ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.એ.પી.માર્કેટ પાછળ, ઉધના સ્થિતની આ સંસ્થાને આપ દ્રારા ૧૧/૨" વ્યાસનું પાણીનું કનેકશન તા. ૨૫–૧૧–૨૦૦૩ થી આપવામાં આવેલ છે, અને ડ્રેનેજ(ગટર) નું કનેકશન તા. ૨૬–૧૦–૧૧થી આપવામાં આવેલ છે, તો તા. ૨૫–૧૧–૨૦૦૩ થી તા. ૨૫–૧૦–૧૧સુધી એટલે કે સતત આઠ વર્ષ દરમ્યાન આ સંસ્થાએ સુ.મ.ન.પા.ના કનેકશન દ્રારા મેળવેલ તથા ગંદું અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત આ પાણી જે ડ્રેનેજ(ગટર)માં છોડવામાં આવેલ હોઈ નિકાલ કરવામાં આવેલ હોય તે ડ્રેનેજની અને આ ગંદું અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત પાણી છોડવા સારુંની જે પરવાનગી આ સંચાલક દ્રારા માંગેલ હોય અને આપ દ્રારા આપવામાં આવેલ હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૮૦૨ તા. ૨૩–૨–૧૨ માં જણાવ્યા મુજબ રૂ. ૪/– રસીદ નં. ૧૩૭૯૯૫ થી ભરાવ્યા હોવા છતાં માહિતી આજસુધી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તેમજ દસ્તાવેજ ફી ભરપાઈ કર્યા બાદ પણ માહિતી નહીં આપવા અંગે કારણ સહ વિગત મોકલવા તથા અરજીની વિષય–વસ્તુ જોતાં ડ્રેનેજ કનેકશન વિનાની સંસ્થા સામે જાહેર દૂષણ, આરોગ્ય દૂષણ સબબ કાર્યવાહીની કોઈ દફતરી વિગતો હોય તો તે પણ રજૂ કરવા પત્ર નં. ૧૯૯૭ તા.૧૫–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ દરમ્યાન માહિતી મળ્યેથી તે પછી નારાજગી હોય તો આધાર સહ આપનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર તા.૨૩–૨–૧૨ નં.૮૦૨ તથા દસ્તાવેજી ફી ભર્યાની રસીદની નકલ મળેલ છે.

અરજદારની તા. ૯–૨–૧૨ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધના ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૮૦૨ તા.૨૩–૨–૧૨ થી અરજદારને સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં. ૧ કિરણ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.એ.પી.માર્કેટ પાછળ, ઉધના સ્થિતની આ સંસ્થાને આપ દ્રારા ૧૧/૨" વ્યાસનું પાણીનું કનેકશન તા. ૨૫–૧૧–૨૦૦૩ થી આપવામાં આવેલ છે, અને ડ્રેનેજ (ગટર) નું કનેકશન તા. ૨૬–૧૦–૧૧થી આપવામાં આવેલ છે, તો તા. ૨૫–૧૧–૨૦૦૩થી તા. ૨૫–૧૦–૧૧સુધી એટલે કે સતત આઠ વર્ષ દરમ્યાન આ સંસ્થાએ સુ.મ.ન.પા.ના કનેકશન દ્રારા મેળવેલ તથા ગંદું અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત આ પાણી જે ડ્રેનેજ(ગટર)માં છોડવામાં આવેલ હોઈ નિકાલ કરવામાં આવેલ હોય તે ડ્રેનેજની અને આ ગંદું અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત પાણી છોડવા સારુંની જે પરવાનગી આ સંચાલક દ્રારા માંગેલ હોય અને આપ દ્રારા આપવામાં આવેલ હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કિરણ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.એ.પી.માર્કેટ પાછળ, ઉધના સ્થિતની સંસ્થાને ડ્રેનેજ કનેકશનની મંજુરી તા.૨૩–૧૦–૧૧ થી આપવામાં આવેલ તેની નકલ માટે રૂા.૨/– દસ્તાવેજી ફી ઉધના ઝોનના સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા વિનંતી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૨ આ ગંદુ અને પ્રદુષિત તેમજ કેમિકલયુકત આ પાણી સુરત મહાનગરપાલિકાની ડ્રેનેજ (ગટર)માં છોડવામાં આવે છે તે બાબતની દેખરેખ રાખવાની અને ચેકીંગ કરવાની તેમજ આ સંસ્થા વિરૂધ્ધ કાર્યવાહિ કરવાની જેની જવાબદારી થતી હોય તે અધિકારીના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સંસ્થાનું ડ્રેનેજ કનેકશન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધારાધોરણ મુજબ મીલનું પાણી ટ્રીટ કયા બાદ હયાત ડ્રેનેજ મેનહોલમાં છોડવાની ઉધનાઝોનથી પરવાનગી આપવામાં આવેલ છે. છતા પણ ગંદુ પ્રદુષિત તેમજ કેમીકલયુકત પાણી બહાર જતુ હોય તો તેની જવાબદારી પશ્નવાળી મિલકતદારની રહે છે તથા સદર બાબતની દેખરેખ રાખવાની અને ચેકીંગ કરવાની તેમજ સંસ્થા વિરૂધ્ધ કાર્યવાહી કરવાની જવાબદારી થતી હોય તે અધિકારીશ્રી અગાઉના આસી. ઈજનેરશ્રી સ્વ. એસ.કે સિન્હા, રીટા.ડે.ઈજનેરશ્રી એન.એસ.ઓઝા, ઈન્ચાર્જ ડે. ઈજનેરશ્રી એ.એમ. રાજ, રીટા.કાર્યપાલક ઈજનેર શ્રી કે.એસ.દેસાઈ અને હાલના જુનીયર ઈજનેર શ્રી એચ.એમ.શાહ, ડે.ઈજનેરશ્રી ડી.વી.ચૌધરી, કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી છે. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૩ આ સંસ્થાને લગતા જે તે અધિકારીઓની સાઈડ–વીઝીટ અને વર્ક ડાયરીની નકલ સહીતની સંપૂર્ણ માહિતી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સંસ્થાને લગતા જુ. ઈજનેર શ્રી એચ.એમ.શાહ, ની વર્ક ડાયરીની લાગુ પાનાની નકલ માટે આ સાથે રૂા.૨/– દસ્તાવેજી ફી ઉધનાઝોનના સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા વિનંતી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૪ આ સંસ્થા વિરૂધ્ધ અધિકારીઓએ ઉપરી અધિકારી સમક્ષ રીપોર્ટ અહેવાલ કરેલ હોય તેની નકલ અને થયેલ કાર્યવાહી સહિતની સંપુર્ણ માહિતી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા આવી કોઈ માહિતી, દસ્તાવેજ ઉપલબ્ધ જણાયેલ નથી. તેવુ જણાવેલ.

અરજદારે જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સા.ઝોન/ટેક/૮૦૨ તા. ૨૩–૨–૧૨ માં જણાવ્યા મુજબ રૂ. ૪/– રસીદ નં. ૧૩૭૯૯૫ થી ભરાવ્યા હોવા છતાં માહિતી આજસુધી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજી નકલ પુરી પાડયા અંગે કોઈ વિગત રજુ કરેલ જણાતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૯–૨–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ હોઈ પરંતુ અરજદારે અપીલ દરમ્યાન કરેલ પ્રસ્તાવ અનુસાર દસ્તાવેજી ફી ભરેલ હોવા છતાં નકલ પુરી પાડેલ ન હોવાનું જણાવેલ. જે મુજબ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭માં નકલ પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે."

(સી.વાય ભટ્ટ)
ડે.કમિશનર
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,